ગાંધીનગર સમાચાર

# કર્મચારીઓને પૂર્ણ પગાર પર પીએફ

નવી દિલ્હી,તા. ૨૮

આવનાર મહિનામાં લોકોને વધુ બચત કરવાની તક મળી જશે. કારણ કે એમ્પ્લોઈઝ પ્રોવિડન્ડ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) ટુંક સમયમાં એક નવુ જાહેરનામુ જારી કરવાની તૈયારીમાં છે. જેના હેઠળ પીએફ માત્ર બેઝિક પગાર અને ડીએના ૧૨ ટકા સુધી જ કાપવામાં આવસે નહી. બલ્કે હવે સમગ્ર પગાર પર પીએફ કાપવામાં આવશે. આના કારણે સંસ્થાઓ અથવા તો કંપનીના પીએફમાં રકમ વધી જશે જો કે ઈન્ડસ્ટ્રીઝ તરફથી આને લઈને જોરદાર વિરોધ કરવામાં આવી રહ્યો છે. વળતરની નવી પરિભાષા તૈયાર કરવામાં આવી રહી છે. જેના હેઠળ તમામ ભથ્થાઓને સામેલ કરી લેવામાં આવશે. ઉદ્યોગ સંસ્થાઓ દ્વારા આ હિલચાલનો જોરદાર વિરોધ શરૂ થઈ ગયો છે. હાલમાં મોટા ભાગની ખાનગી કંપનીઓ ડીએ (મોંઘવારી ભથ્થા)આપતી નથી. જ્યારે બીજી બાજુ મોટા ભાગની કંપનીઓ બેઝિક પગારમાં વધારો કર્યા વગર અન્ય ભથ્થાઓમાં વધારો કરે છે. જેથી હજારો કર્મચારીઓના બેઝિક પગાર વધતા નથી. આના કારણે કર્મચારીઓની ટેક્સ સાથે જોડાયેલી જવાબદારી વધતી જાય છે. પરંતુ પીએફમાં રકમમાં વધારો થતો નથી. સ્વભાવિક છે કે કંપનીની હાલની આ નિતીના કારણે વધારે બચત કરી શકતા નથી. પોતાની નોકરી દરમિયાન તેમની વધારે બચત થતી નથી. ઈપીએફઓ દ્વારા ગયા વર્ષમાં નવુ જાહેરનામુ જારી કરવામાં આવ્યું હતું. પરંતુ કંપનીઓ તરફતી જોરદાર વિરોધ કરવામાં આવ્યા બાદ તેને પરત ખેંચી લેવાની ફરજ પડી હતી. ઉદ્યોગજગતના લોકો એ બાબત પર મક્કમ હતા કે વળતર તરીકે તમામ પ્રકારના ભથ્થાની નવેસરની પરિભાષા નક્કી કરવાની જરૂર છે. આ સંબંધમાં એક ગણતરી એવી પણ હતી કે જો સમગ્ર પગાર પર પીએફ કાપવામાં આવશો તો કર્મચારીઓને મહિનાના અંતમાં મળતા પગારમાં ઘટાડો થઈ જશે. તેમના હાથમાં ઓછી રકમ પગાર તરીકે આવશે. એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ઈપીએફઓ પોતાની નવી પહેલને આગળ વધારશે. સારા સમાચાર એ છે કે શ્રમ મંત્રાલય તરફથી આ દરખાસ્તમાં અભ્યાસ કરનાર સમિતીએ આને લીલીઝંડી આપી દીધી છે. સુત્રોએ કહ્યું છે કે લેબર મંત્રાલય દ્વારા પણ ઈપીએફઓની નવી પહેલને આગળ વધારવા માટે તૈયારી બતાવી છે. હાલમાં પણ ઉદ્યોગ સંસ્થાઓ દ્વારા આ હિલચાલનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. પરંતુ ઈપીએફઓ યોજના સાથે આગળ વધવા માટે તૈયાર છે. કારણ કે દરખાસ્તને શ્રમ મંત્રાલય દ્વારા રચવામાં આવેલી સમિતી મંજૂરી આપી ચુકી છે. આ દરખાસ્ત હાલમાં શ્રમ મંત્રાલય સમક્ષ પેન્ડિગ છે. પરંતુ સુત્રોની વાતમાં વિશ્વાસ કરવામાં આવે તો સરકાર આગળ વધશે અને નવા ધારા ધોરણોને અમલમાં મુકશે. આ દરખાસ્ત કોઈ પણ કાયદાકીય ગુંચમાં ન મુકાય તેની ખાતરી કરવા માટે ઈપીએફઓ બોર્ડ ટુંકમાં મળશે અને તેને મંજૂરી આપશે.

**વધુ બચત થઇ શકશે....**

- બેઝિકના ફંડાને હવે નહી ચલાવી લેવાય
- પીએફ માત્ર બેઝિક પગાર અને ડીએના ૧૨ ટકા સુધી કપાશે નહી બલ્કે પીએફ સમગ્ર પગાર પર કપાશે
- ઉદ્યોગ સંસ્થાઓ દ્વારા નવી હિલચાલનો વિરોધ શરૂ
- કર્મચારીઓ વધારે બચત કરી શકશે
- ઇપીએફઓ ટુંક સમયમાં નવુ જાહેરનામુ જારી કરીને નવી પહેલને અમલી બનાવશે
- હાલમાં મોટા ભાગની કંપનીઓ ડીએ આપતી નથી જ્યારે અન્ય કેટલીક કંપનીઓ બેઝિક પગારમાં વધારો કર્યા વગર અન્ય ભથ્થામાં સતત વધારો કરે છે જેથી પીએફમાં વધારો થતો નથી
- ઇપીએફઓ દ્વારા ગયા વર્ષે નવુ જાહેરનામુ જારી કર્યું હતું પરંતુ કંપનીઓના માલિકોએ વિરોધ કરતા તેને પરત ખેંચી લેવાની ફરજ પડી હતી
- આ વખતે ઇપીએફઓ અને ઉદ્યોગ સંસ્થાઓ વચ્ચે સમજુતી થાય તેવી શક્યતા
- શ્રમ મંત્રાલય દ્વારા ઇપીએફઓની નવી દરખાસ્તને આગળ વધારા માટે તૈયારી દર્શાવી ચુક્યુ છે

## રાજ ઠાકરે સાથે ફરી હાથ મિલાવવા ઉદ્ધવનો ઈન્કાર

મુંબઈ,તા. ૨૮

શિવસેના વડા ઉદ્ધવ ઠાકરેએ આજે તેમના પિતરાઈ રાજ ઠાકરે સાથે સમાધાન કરી લેવાના અહેવાલને રદિયો આપ્યો હતો અને કહ્યું હતું કે રાજ ઠાકરે સાથે ફરી સાથે થઈ જવાનું કોઈ કારણ નથી. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેને ભેગા કરવા અને ફરી સંગઠિત કરવાના ચાલી રહેલા પ્રયાસોને આની સાથે જ મોટો ફટકો પડ્યો છે. તેમના સાથીઓ દ્વારા બંનેને ભેગા કરવાના પ્રયાસો સતત કરવામાં આવી રહ્યા છે.

ઠાકરેએ કહ્યું હતું કે શિવસેના, ભાજપ અને રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આરપીઆઈ)નું પ્રવર્તમાન ભવ્ય ગઠબંધન ખૂબ સારું કામ કરી રહ્યું છે જેથી ચોથા ઘટક પક્ષને સામેલ કરવાની કોઈ જરૂર નથી. પક્ષના મુખપત્રક સામનામાં તંત્રીલેખમાં ઠાકરેએ ભાજપના ભૂતપૂર્વ પ્રમુખ નીતિન ગડકરી, આરપીઆઈના વડા રામદાસ દ્વારા તાજેતરની હિલચાલની ઝાટકણી કાઢી હતી. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે સાથે ઉદ્ધવ ઠાકરેને ફરીથી ભેગા કરી લેવાના પ્રયાસો હાલના દિવસોમાં તીવ્ર બન્યા છે. ગયા સપ્તાહમાં ગડકરીએ પૂણેમાં જાહેરાત કરી હતી કે ઉદ્ધવ અને ભાજપ એ વખત સુધી સાથે આવશે નહીં જ્યાં સુધી ઉદ્ધવ અને રાજને ભેગા કરવામાં આવશે નહીં.શિવસેના-ભાજપ-આરપીઆઈ ગઠબંધનમાં સામેલ થવા માટે રાજને અપીલ કરવામાં આવી હતી. આવી જ રીતે આરપીઆઈના વડા રામદાસ દ્વારા પણ ઉદ્ધવ અને રાજને ભેગા કરવાની અપીલ કરી છે. રાજના આવાસમાં રહેવા જવાની અપીલ પણ કરવામાં આવી હતી. આગામી વર્ષે ચૂંટણી યોજાનાર છે જેથી બંનેને ભેગા કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે.

## છત્તીસગઢ હુમલાની જવાબદારી માઓવાદીઓએ આખરે સ્વીકારી

નવી દિલ્હી,તા. ૨૮

છત્તીસગઢમાં કોંગ્રેસના નેતાઓના કાફલા ઉપર ૨૫મી મેના દિવસે કરવામાં આવેલા સૌથી વિનાશક હુમલા માટેની જવાબદારી આજે સવારે માઓવાદીઓએ સ્વીકારી લીધી હતી. નક્સલવાદી સંગઠન દંડકારણ્ય સ્પેશિયલ ઝોનલ કમીટિ દ્વારા હુમલાની જવાબદારી લેવામાં આવી છે. ગુડસા ઉસેંડી નામના નક્સલવાદીએ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. સંગઠનના પ્રવક્તા ગુડસા ઉસેંડીએ યાદી જાહેર કરીને આ મુજબની વાત કરી છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. માઓવાદીઓએ ચાર પાનાનો પત્ર અને સાથે સાથે એક ઓડિયો ટેપ પણ પત્રકારો માટે મોકલી છે અને દાવો કર્યો છે કે છત્તીસગઢમાં કોંગ્રેસના કાફલા ઉપર હુમલા માટે તેઓ જ જવાબદાર છે. આ હુમલામાં કોંગ્રેસના ટોચના રાજ્ય નેતાઓ સહિત ૨૭ લોકો માર્યા ગયા હતા. આ પત્ર ઉપર માઓવાદીઓના પ્રવક્તાના હસ્તાક્ષર પણ છે. પત્ર મુજબ પીપલ્સ લીબરેસન ગુરીલા આર્મી (પીએલજીએ) દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. પત્રમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મુખ્ય કોંગ્રેસી નેતા મહેન્દ્ર કર્મા, નંદકુમાર પટેલ, વી સી શુક્લા આ હુમલાના મુખ્ય ટાર્ગેટ તરીકે હતા. હુમલામાં કર્મા અને પટેલના મોત થઈ ચૂક્યા છે જ્યારે શુક્લાની હાલત ગંભીર બનેલી છે. શુક્લા હાલમાં ગુરગાવ ખાતેની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. માઓવાદીઓએ દાવો કર્યો છે કે નક્સલવાદ વિરોધી શસત્ર ચળવળ સલવા જુડુમ શરૂ કરનાર મહેન્દ્ર કર્માને સજા કરવાના હેતુસર આ હુમલો કરાયો હતો. નંદકુમાર પટેલે ઓપરેશન ગ્રીન હંટને લીલીઝંડી આપી હતી. સાથે સાથે તેઓએ જ્યારે રાજ્યના ગૃહપ્રધાન હતા ત્યારે અર્ધલશ્કરીદળોના લશ્કરવાદ વિરોધી ઓપરેશનને મંજૂરી આપી હતી. પત્રમાં માઓવાદીઓએ દાવો કર્યો છે કે કેટલાક નિર્દોષ કોંગ્રેસી કાર્યકરો આ હુમલામાં માર્યા ગયા છે તેના માટે અમને દુખ છે પરંતુ આના માટે રાજ્યના મુખ્યમંત્રી રમણસિંહ, કોંગ્રેસ અને ભાજપ જવાબદાર છે. આ હુમલા કરવા માટે તેમની લોકવિરોધી નીતિ જવાબદાર રહી છે. પત્રમાં જણાવાયું છે કે વડાપ્રધાન મનમોહનસિંહ, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, ભાજપ પ્રમુખ રાજનાથસિંહ અને મુખ્યમંત્રી રમણસિંહ આ હત્યાકાંડને લઈને મૌન બનેલા છે જેથી ખૂબ જ દુખદ બાબત છે. પત્રમાં માઓવાદીઓ દ્વારા સાત માંગણી કરવામાં આવી છે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા આ મામલામાં પોતાની રીતે તપાસ હાથ ધરવામાં આવી ચૂકી છે. શનિવારે આ વિનાશકારી હુમલો કરવામાં આવ્યો હતો. દરમિયાનમાં નવી દિલ્હીમાં ગૃહરાજ્યમંત્રી અને આરપીએન સિંહે કહ્યું છે કે ગંભીર સુરક્ષા ખામીઓ આમા દેખાઈ રહી છે.

## ભારતભરમાં ભગવાનને માનનારની સંખ્યા ઘટી છે

નવી દિલ્હી, તા. ૨૮

ભારત એક ધાર્મિક દેશની સાથે હિન સાંપ્રદાયીક પણ છે. અને અહીં તમામ ધર્મને સમાન ગણવામાં આવ્યાં છે. પરંતુ હાલમાં થયેલ અકે સર્વે માં ચોંકાવનારો ખુલાસો બહાર આવ્યો છે. કે ભગવાનમાં વિશ્વાસ રાખનારાઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૦૫માં થયેલ સર્વે માં ભગવાનામાં વિશ્વાસ રાખનારની સંખ્યાં ૮૭ ટકા હતી. જે હાલમાં ૭ ટકા ઘટીને ૮૧ ટકા નોંધાય છે. આ સર્વે દુનિયાના ૫૭ દેશોમાં કરાયો હતો. જેમાં ભઆરતમાં ભગવાનમાં શ્રધ્ધા રાખનારાઓની સંખ્યા ૮૧ ટકા સાથે સૌથી વધુ છે. જ્યારે ચીનમાં ફક્ત ૧૪ ટકા સાથે સૌથી નીટો સ્તર નોંધાયો છે. આ ઉપરાંત વિશ્વના અન્ય દેશઓ જાપાન ૧૬ કટા, તર્કી ૨૦ ટકા, ટેક ગણરાજ્ય ૨૦ ટકા લોકો ભગવાનમાં વિશ્વાસ ધરાવે છે. દુનિયાના ૫૭ દેશોમાં કરાયેલા સર્વેમાં ૫૧,૯૨૭ લોકો નો સમાવેશ કરાયો છે. દરેક દેશમાંથી લગભગ ૧૦૦૦ સ્ત્રી-પુરુષો ને સવાલ પુછવામાં આવ્યાં હતા. ફક્ત ભારતમાં જ નહીં પરંતુ દુનિયાના અન્ય દેશોમાં પણ ભગવાનમાં શ્રધ્ધા રાખનારા ઓની સંખ્યામાં ૯ ટકા નો ઘટાડો નોંધાયેલો છે. જ્યારે નાસ્તીકોની સંખ્યામાં ૩ ટકા નો વધારો નોંધાયેલો છે. પોતાને ધાર્મિક ગણીને પાકીસ્તાનમાં ૬ ટકાનો વધારો નોંધાયો. આ સિવાય દક્ષીણ આફિકામાં ૧૯ ટકા, અમેરીકામાં ૧૩ ટકા, સ્વીટ્ઝરલેન્ડમાં અને ફ્રાંસમાં ૨૧-૨૧ અને વિયતનામાં માં ૨૩ ટકાનો ઘટાડો નોંધાયો છે.

## પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ચારનો વધારો થવાની શક્યતા

નવી દિલ્હી,તા. ૨૮

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને ફરી એકવાર પેટ્રોલ માટે વધારે નાણાં ચુકવવા પડી શકે છે. કારણ કે પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ચારનો વધારો કરવામાં આવે તેવી શક્યતા છે. મળેલી માહિતી મુજબ જો સરકાર આગામી મહિનાથી ઓઈલ કંપનીઓને પાંચ ટકા ઈથેનોલ મિક્સ્ડ પેટ્રોલ વેચવા માટે ફરજ પાડશે તો પેટ્રોલની કિંમતમાં વધારો કરવામાં આવી શકે છે. ઈથેનોલ મિક્સ્ડ પેટ્રોલ વેચવા માટે ઓઈલ કંપનીઓને ખૂબ વધુ કિંમત ઉપર બાયોફ્યુઅલની આયાત કરવાની ફરજ પડશે. ઓઈલ મંત્રાલયે હજુ સુધી પેટ્રોલની સાથે સાથે ઈથેનોલના ફરજિયાત બ્રેડીંગ ઉપર કેબિનેટ નોંધને લઈને વધારે ગંભીરતા દર્શાવી છે. સરકાર અને ઈન્ડસ્ટ્રીના અધિકારીઓએ કહ્યું છે કે આનાથી ઓઈલ કંપનીઓને ૧૫૦ કરોડ લીટર બાયોફ્યુઅલની વધુ કિંમત ઉપર આયાત કરવી પડશે. બીજી બાજુ આ મહિનાના અંત સુધી ફ્યુઅલ રિટેલર્સના પેટ્રોલની કિંમતમાં ૧ રૂપિયાનો વધારો થવાની શક્યતા છે. કારણ કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો થયો છે. બીજી બાજુ ડૉલરની સરખામણીમાં રૂપિયામાં ઘટાડો થયો છે. આના કારણે ઓઈલ કંપનીઓને આયાત માટે વધુ કિંમતો ચૂકવવાની ફરજ પડશે. અધિકારીઓનું કહેવું છે કે સામાન્ય ચૂંટણી નજીક હોવાથી ફરી એકવાર પેટ્રોલની કિંમતમાં ૪-૫ રૂપિયાના વધારાને મંજૂરી આપવાની બાબત



સરકાર માટે મુશ્કેલ દેખાઈ રહી છે. એક અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે આ અંગે અંતિમ નિર્ણય કેબિનેટ કરશે. તે પેટ્રોલની કિંમતમાં તીવ્ર વધારો કરવાની મંજૂરી આપશે કે કેમ તેને લઈને ટૂંકમાં ચિત્ર સ્પષ્ટ થશે. સરકાર સપ્લાય અને પ્રાઈઝીગ સાથે જોડાયેલા મામલાઓના પરિણામ સ્વરૂપે દેશમાં ઈથનોલ બ્લેંડેડ પેટ્રોલ પ્રોગ્રામને લાગુ કરી શકી નથી. આ અગાઉ સરકારે બાયો ફ્યુઅલના પુરવઠા મુજબ ઓક્ટોબર ૨૦૦૭થી ૫ ટકા બ્લેંડીંગને ફરજિયાત બનાવવા અને ઓક્ટોબર ૨૦૦૮થી ૧૦ ટકા બ્લેંડીંગને વૈકલ્પિક બનાવવાનો નિર્ણય કર્યો હતો.

અલબત્ત આ યોજનામાં મોટી સફળતા મળી ન હતી. ગયા વર્ષે નવેમ્બરમાં કેબીનેટે ૩૦મી જૂન ૨૦૧૩થી પાંચ ટકા ઈથનોલ બ્લેંડેડ પેટ્રોલના વેચાણને ફરજિયાત કરી દીધો હતો. સરકારે ઓઈલ કંપનીઓને ઈથનોલના સ્થાનિક અને વિદેશી સપ્લાયર સાથે વાતચીત કરવાની મંજૂરી આપી હતી. અલબત્ત ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશનના કારોબારીઓએ કહ્યું છે કે પેટ્રોલમાં વધારે ખર્ચાળ ઈથેનોલ મિક્સ કરવાની બાબત કોઈ બુદ્ધિવાળુ કામ નથી.

## સમાચાર ઝલક

- ઓગસ્ટ સુધીમાં સ્પોટ ફિકસીંગ અટકાવવાનો નવો કાયદો.
- કાળઝાળ ગરમીમાં લીંબુ સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ : એક અભ્યાસ
- વાડીયામાં રહસ્યમય બાઇક સવાર સળગ્યો, સમગ્ર પંથકમાં અરેરાટી.
- પોલીસ કસ્ટડીમાં શ્રીસંત અને ચંડિલા વચ્ચે મારામારી.
- વેટનું સર્વર ચાર દિવસથી નિંદ્રામાં, રાજયભરમાં દેકારો.
- પાકિસ્તાનની સજાતીય સંબંધ ધરાવતી બે યુવતીઓએ બ્રિટનમાં લગ્ન કર્યા.
- સીએનજી કારમાં ૮૦ ટકાનો કડાકો, કંપનીઓ ચિંતામાં...
- ચમત્કાર : અમેરિકામાં મહિલાનું હૃદય ધબકતું બંધ થયું છતાં સંતાનનો જન્મ થયો અને મહિલા ફરી જીવીત થઇ.
- હવામાનમાં પલટો - પ્રિ. મોન્સૂન એક્ટીવીટી શરૂ સૌરાષ્ટ્રમાં છુટાછવાયા વરસાદની આગાહી.
- ૨૦૧૯ વર્લ્ડકપ ઇંગ્લેન્ડમાં રમાશે, આઇસીસીની જાહેરાત.
- અમદાવાદ રેલ્વે સ્ટેશન પર મહિલાઓ, સિનિયર સિટીજનો, માટે અલગ ટિકીટબારીની વ્યવસ્થા કરાઇ.
- નવી ટીવી શ્રેણી 'મહારાણા પ્રતાપ'માં મહાનાયકના પડછંદ અવાજની મોહિની.
- રાજકોટમાં ખંડેરી સ્ટેડિયમ પર ૧૦મી ઓકટોબરે ઓસ્ટ્રેલિયા-ભારત ટી-૨૦ મેચ યોજાશે.
- આણંદમાં સ્ટેટ બેંકમાં સુરંગ ખોદી ચોરી કરવાનો પ્રયાસ સાયરન રણકી.
- ફ્રાન્સમાં સજાતીય લગ્નના વિરોધમાં જોરદાર દેખાવો.
- અમદાવાદમાં રિવર ફ્રન્ટ પર દુનિયાનું સૌથી ઊંચુ મિલેનિયમ વ્હીલ બનશે.
- પાલીતાણામાં ત્રણ વર્ષ જૈન ઉત્સવો મોકુફ. સફાળી જાગતી સરકાર.
- સ્ટીલ કિંગ લક્ષ્મી મિત્તલને મંદી નડી. લંડનનું મકાન વેચવા કાઢ્યું.
- બળાત્કાર કાનૂનનો દૂરપયોગ હાઇકોર્ટની ટકોર, કેટલાંક કેસોમાં બદલાની ભાવના હોય છે.

**નવાં ક્લેવર** (પાના નં. ૪ નું ચાલુ)

એક દિવસ સ્કૂલમાં મને મારા શહેરમાં ટ્રાન્સફરનો ઓર્ડર મળ્યો. હું ખુશ થઇ ગયો. પણ ગામ લોકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ હતાશ અને દુઃખી થયા. જે દિવસ મારે શાળામાંથી વિદાય લેવાની હતી. તે દિવસે ગ્રામજનો અને શાળઆના કર્મચારીઓ એકત્ર થયા. વિદાય સમારંભની ઔપચારિક્તા બાદ અમુક લોકો મને હાઇવે સુધી મુકવા આવ્યા. જયાં બસ આવતી હતી. ભીખુ માસ્તર પણ સાથે હતા. તે બોલ્યા.

"સાહેબ, તમે આ સ્કૂલને એક નવું જ રૂપ, નવી જ ઓળખ અપાવી છે." સૌએ તેમની વાતોમાં હોંકારો ભણ્યો.

"માસ્તર તમે જબરૂં સાહસ કર્યું હો." સરપંચના શબ્દોમાં પ્રશંસા હતી.

"સાચી વાત છે સરપંચ સાહેબ, બાકી તે દિવસે સ્કોલરશીપના પૈસાની લૂંટ જ થઇ જવાની હતી. તો તો ગજબ થઇ જાત." મફ્તલાલે હસતાં હસતાં કહ્યું.

તેની વાત પુરી થાય તે પહેલાં બસ આવી ગઇ. અને હું બસમાં બેસી ગયો. બસમાં બેઠો બેઠો હું દિવસભરનાં ઘટનાક્રમને યાદ કરતો હતો. તેમાં મફ્તલાલે બસ સ્ટેન્ડ પર કરેલી વાત મને યાદ આવી. હું ચૌંકી ઉઠ્યો. તે દિવસની મધરાતની વાત તો મેં કોઇને કરી ન હતી. તો પછી મફ્તલાલે એ વાત કેવી રીતે કરી.

તે રાતે શું બન્યું હતું તેની તેને ખબર હતી. હવે વાતનાં એક પછી એક તાણાવાણા મળવા લાગ્યા. મફ્તલાલ અને મારા સિવાય તે દિવસે મારી પાસે પચાર હજાર રૂપિતા હતા એ વાત કોઇ જાણતું ન હતું.

"તો શું મફ્તલાલે જ...?"

વિચાર આવતાં હું કંપી ગયો. મને ભીખુભાઇ માસ્તરની વાત યાદ આવી ગઇ. "સર, તમે મફ્તલાલને ભલે કાબુમાં કરી દીધો હોય છતાં તેનાથી ચેતતા રહેજો. એ ગમે ત્યારે ગમે તે કરી શકે તેવો છે."

હું અવાક રહી ગયો.

અર્ધી રાતનું આખું સત્ય મારી સામે હતું.

- vanvihari@gmail.com

## વિંદુ અને અન્ય બેની પોલીસ કસ્ટડીને વધારાઈ

મુંબઈ,તા. ૨૮

આઈપીએલ સ્પોટ ફિક્સીંગના મામલામાં ઝડપાઈ ગયેલા અભિનેતા વિંદુ દારાસિંહ અને અન્ય બેની પોલીસ કસ્ટડી આજે ૩૧મી મે સુધી લંબાવી દેવામાં આવી હતી. મુંબઈ ક્રાઈમ બ્રાંચે આજે કોર્ટમાં જણાવ્યુ હતુ કે વોન્ટેડ બુકી દ્વારા પાકિસ્તાની એમ્પાયર અશાદ રઉફને આપવામાં આવેલા સીમકાર્ડને નષ્ટ કરી દેવા દારાસિંહે સૂચના આપી હતી. એડિશનલ મેટ્રો પોલીટન મેજિસ્ટ્રેટ એએમ પડવાડે હવાલા ઓપરેટર અલ્પેશ પટેલ અને બુકીઓ માટેના મધ્યસ્થી પ્રેમ તનેજાની કસ્ટડીને પણ વધારી દીધી છે. આ જ કેસના સંબંધમાં આ તમામની ધરપકડ કરવામાં આવી હતી. આ મહિનાના અંત સુધી તેમને કસ્ટડીમાં રાખવામાં આવશે. આઈપીએલ બેટિંગ રેકેટમાં ચાવીરૂપ શખ્સ તરીકે ઉભરી આવેલા વિંદુની કસ્ટડી લંબાવવાની માંગ કરીને પ્રોસિક્યુટર કિરણ બંધારે કહ્યુ છે કે ફારર થયેલા બુકી સંજય જયપુર દ્વારા આપવામાં આવેલા સીમકાર્ડને વિંદુના કહેવાથી નિષ્ક્રિય કરી દેવામાં આવ્યુ હતુ. પાકિસ્તાની એમ્પાયર રઉફને આ સીમ કાર્ડ અપાયુ હતુ. વિંદુની ધરપકડ કરાઈ તે પહેલા તેને નિષ્ક્રિય કરાયુ હતુ. વિંદુ અને રઉફ વચ્ચે સાંઠગાંઠમાં તપાસ કરવાનો ઈરાદો તપાસકારો ધરાવે છે. રઉફ પણ ભૂતકાળમાં જુદા જુદા કારણોસર વિવાદમાં છે. પ્રોસિક્યુટરનું કહેવું છે કે ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવેલા તમામને એક સાથે રજુ કરવા માંગે છે. મુંબઈ પોલીસે ગઈકાલે અશ્વિન અગ્રવાલ ઉર્ફે ટિન્કુના પ્રોડક્શન વોરન્ટ મેળવી લીધા હતા.



આઈપીએલ સ્પોટ ફિક્સીંગ મામલામાં નામ સપાટી પર આવે તે પહેલા કેટલીક ચોંકાવનારી વિગત ખુલી રહી છે. પાકિસ્તાની એમ્પાયર રઉફનું નામ સપાટી પર આવ્યા બાદ આઈસીસી દ્વારા ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી એમ્પાયરોની પેનલથી તેમને દૂર કરાયા છે.

## જેઠમલાણીની ભાજપમાંથી છ વર્ષ માટે હકાલપટ્ટી થઈ

નવી દિલ્હી,તા. ૨૮

એક મહત્વપૂર્ણ રાજકીય ઘટનાક્રમના ભાગરૂપે ભાજપે કઠોર વલણ અપનાવીને જાણીતા વકીલ અને રાજ્યસભાના સાંસદ રામ જેઠમલાણીની છ વર્ષ માટે હકાલપટ્ટી કરી લીધી છે. પક્ષના પ્રાથમિક સભ્યપદેથી રામ જેઠમલાણીને દૂર કરી દેવામા આવ્યા છે. શિસ્તનો વારંવાર ભંગ કરવા બદલ છ વર્ષ માટે જેઠમલાણીની હકાલપટ્ટી કરવામાં આવી છે. જેઠમલાણીને લખવામાં આવેલા પત્રમાં ભાજપના જનરલ સેક્રેટરી અનંતકુમારે કહ્યુ છે કે પક્ષના સાંસદીય બોર્ડ દ્વારા પક્ષના પ્રાથમિક સભ્યપદેથી તેમની હકાલપટ્ટી કરવા સોમવારે જ નિર્ણય લઈ લીધો હતો પરંતુ આની વિધિવત જાહેરાત આજે કરવામાં આવી હતી. જેઠમલાણીની હકાલપટ્ટીને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જેઠમલાણીને લખવામાં આવેલા પત્રમાં ભાજપના જનરલ સેક્રેટરીએ કહ્યુ છે કે પક્ષના સંસદીય બોર્ડે સર્વસંમતિથી આ નિર્ણય લીધો છે. તમામ પાસાઓ, તમામ જવાબો અને પત્રોને ધ્યાનમાં લીધા બાદ સંસદીય બોર્ડે સર્વસંમત મતથી જેઠમલાણીની હકાલપટ્ટી કરી છે. પત્રમાં સાફ શબ્દોમાં જણાવાયુ છે કે સંસદીય બોર્ડે આ નિર્ણય પર પહોંચતા પહેલા તમામની વાત સાંભળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપની રાજનીતિ અને નેતાઓની જેઠમલાણીએ ખુલ્લીરીતે ટીકા કરી હતી. તાજેતરમાં જ જેઠમલાણીના આવા નિવેદન બાદ હકાલપટ્ટીને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. જેઠમલાણીએ એમ પણ કહ્યુ હતુકે ભાજપની નેતાગીરી ભ્રષ્ટાચારમાં ડૂબેલી યુપીએ સરકાર સામે આક્રમક વલણ અપનાવી રહી નથી અને નબળી પડી રહી છે. વર્ષ ૨૦૧૨માં તત્કાલિન પક્ષપ્રમુખ નીતિન ગડકરી સામે આક્ષેપો બદલ પક્ષ દ્વારા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

## જાપાનમાં અમેરિકી એફ-૧૫ વિમાન દુર્ઘટનાગ્રસ્ત

ટોકિયો,તા. ૨૮

જાપાનના ઓકીનાવામાં આજે સવારે અમેરિકી એફ-૧૫ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈને દરિયામાં ખાબકી ગયું હતું. જો કે પાઈલોટનો સહેજમાં બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે. અમેરિકી હવાઈ શક્તિના પ્રદર્શન વેળા આ બનાવ બન્યો હતો. એફ-૧૫ વિમાનને ટેકનીકલ ખામી સર્જાઈ ગઈ હતી અને પાઈલોટને ઓકીનાવાથી આશરે ૧૧૦ કિલોમીટરના અંતરે સ્થિત વિસ્તારમાં પ્રશાંતની ઉપર વિમાનને કાઢવાની ફરજ પડી હતી. અમેરિકી એફ-૧૫ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવાને લઈને અમેરિકી તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. ઓકીનાવા જાપાનમાં સૌથી વધારે વસ્તી ધરાવતા વિસ્તાર પૈકી છે.